નં.એસ-૧૯/૧/૨૦૦૭-ડીસીએચ/ઇ.૨

ભારત સરકાર

કાપડ મંત્રાલય

હાથશાળ વિકાસ આયુકતની કચેરી

ડબલ્યુ.ડબલ્યુ.ડબલ્યુ હેન્ડલૂમ્સ (ડોટ)એનઆઇસી.(ડોટ)આઇએન

(W W W.Handlooms.nic.in )

ઉધોગભવન, નવી દિલ્હી

તારીખ ૧૧મી સપ્ટેમ્બર-૨૦૦૭

૧. રાજયો/સંઘપ્રદેશોના હાથશાળના તમામ પ્રભારી સચિવો.

૨. વણકર સેવા કેન્દ્રો (ડબલ્યુએસસી) ના પ્રભારી અધિકારીઓ

૩. હાથશાળ પ્રૌધોગિકીની ભારતીય સંસ્થાઓના તમામ નિયામકો.

<u>વિષયઃ- વૈવિધ્યપૂર્ણ હાથશાળ વિકાસ યોજના</u>

હાથશાળ ક્ષેત્ર, દેશના સૌથી વધુ સમૃધ્ધ અને સૌથી વધુ જીવંત સાંસ્કૃતિક વારસાઓમાંનું એક છે. વધુ રોજગારી અને આર્થિક લાભનું નિર્માણ કરવાની સંભવિતતાને સાકાર કરવા માટે બજારની માંગને અનુરૂપ વણકરો (રંગાચરા) રંગરેજો અને છપાઇ કરનારાઓના કૌશલમાં સતત સુધારણા કરવાની યંત્ર સામગ્રી, સાધનો અને ઉત્પાદન પ્રક્રિયાની કક્ષા ઉંચી લાવવાની અને ઉત્પાદનોની ડિઝાઇન અને ગુણવત્તાનો સતત વિકાસ કરવાની જરૂર છે. આ પાસાંઓની માહિતી હાથશાળ વણકરો અને કારીગરોને આપવાની પણ આવશ્યકતા છે.

આ લક્ષ્યો સિધ્ધ કરવા માટે વૈવિધ્યપૂર્ણ હાથશાળ વિકાસ યોજના, નીચેના ઘટકો સહિત રજુ કરવામાં આવી છે.

| ક્રમ નંબર | ઘટક |
|---|---|
| ૧. | વણકર સેવા કેન્દ્રો/ હાથશાળ પ્રૌધોગિકીની ભારતીય સંસ્થાઓને સંગીન બનાવવાં. |
| ૨. | કાપડ ડિઝાઇન માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર |
| ૩. | સંશોધન અને વિકાસ |
| ૪. | જમ્મુ અને કાશ્મીર ઉન પરિયોજના |
| ૫. | વણકર સેવા કેન્દ્ર( જમ્મુ અને કાશ્મીર) |
| ૬. | કેન્દ્રીય/રાજય ક્ષેત્રમાં નવા વણકર સેવા કેન્દ્રો/હાથશાળ પ્રૌધોગિકીની નવી ભારતીય સંસ્થાઓ શરૂ કરવી. |
| ૭. | ત્રીજી વસ્તી વણતરી હાથ ધરવી અને હાથશાળ વણકરોને ઓળખપત્રો આપવાં. |

આ યોજનામાં હાથશાળ વણકરોને તાલીમ કાર્યશાળાઓ અને પ્રદર્શનો મારફત તેમના કૌશલની કક્ષા ઉંચી લાવવા ડિઝાઇન વિકાસ, પરંપરાગત ડિઝાઇનોનું દસ્તાવેજીકરણ કરવા માટે જોગવાઇ કરવામાં આવશે અને ઉત્પાદકતા સુધારવા માટે અને ખરીદ-વેચાણ(બજાર)ની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વણકરોને સક્ષમ બનાવવા માટે હાથશાળ ક્ષેત્રમાં જુદી જુદી એજન્સીઓ વચ્ચે જોડાણો પુરાં પાડવામાં આવશે, દરેક ઘટકની બાબતમાં જણાવેલા ધોરણો મુજબ આ એક કેન્દ્રીય ક્ષેત્ર યોજના છે. આ યોજનાની એક નકલ આપના સંદર્ભ માટે આ સાથે બિડેલી છે.

આ યોજનામાં વિગતવાર દર્શાવેલી માર્ગદર્શક સુચનાઓ/પ્રાચલોને ધ્યાનમાં રાખીને, આપના રાજયમાં આવેલા વણકર સેવા કેન્દ્રો/વણકર સેવા કેન્દ્રોના ઝોનલ (પરિક્ષેત્રીય) નિયામક સાથે પરામર્શ કરીને, આપના રાજયમાં આ યોજના અમલમાં મુકવા માટે આ કચેરીને દરખાસ્તો મોકલવા વિનંતી છે.

આ હુકમો, માનનીય નાણાં મંત્રીશ્રીની સંમતિથી ખર્ચ વિભાગ, નાણાં મંત્રાલયના તા. ૬/૮/૨૦૦૭ના હુકમ નં. ૧૪(૬)/પીએફ.૨/૨૦૦૭ થી બહાર પાડવામાં આવે છે.

આપનો વિશ્વાસુ
સહી/-
(બી.કે.સિંહા)
હાથશાળ વિકાસ આયુકત

<u>નકલ રવાના :-</u>

૧. મદદનીશ વિકાસ આયુકત(એડીસી)(ડીએસજી)/મદદનીશ વિકાસ આયુકત(એસકેજે)/ મદદનીશ વિકાસ આયુકત(એમએસકે) સંયુકત વિકાસ આયુકત(એમએન)/નાયબ વિકાસ આયુકત(એમજે)
૨. વિકાસ આયુકત (હાથશાળ)ની કચેરીમાના તમામ એડી.
૩. આઈએફડબલ્યુ (કાપડ) કાપડ મંત્રાલય
૪. હાથશાળ વિકાસ આયુકતના અંગત સચિવ, વિકાસ આયુકત (હાથશાળ) ની કચેરી, ઉધોગભવન, નવી દિલ્હી-માહિતી માટે
૫. ગાર્ડ ફાઈલ
૬. ફેસિલિટેશન કાઉન્ટરને ૫૦ નકલો
૭. કાપડ મંત્રાલયની વેબસાઈટમાં યોજના મુકવા માટે એનઆઈસીને ફલોપીવાળી એક નકલ(હિતની)

સહી/-
બી.કે.સિંહા
હાથશાળ વિકાસ આયુકત

ભારત સરકાર

કાપડ મંત્રાલય

વિકાસ આયુકત (હાથશાળ)ની કચેરી

<u>વૈવિધ્યપૂર્ણ હાથશાળ વિકાસ યોજનાની માર્ગદર્શક સુચનાઓ :-</u>

૧. <u>પ્રસ્તાવના :-</u>

હાથશાળ વણાટ, ભારતીય સાંસ્કૃતિક વારસાનું એક સૌથી વધુ સમૃધ્ધ અને સૌથી વધુ જીવંત પાસું છે. હાથશાળથી વણેલા કાપડમાં મેળવેલ કલાકૌશલ અને જટિલના પણ બેનમુન હોય છે. આ ક્ષેત્રમાંથી વધુ રોજગારી અને આર્થિક લાભોનું નિર્માણ થાય એ માટેની શકયતા સ્પષ્ટપણે જાણવા માટે, હાથશાળ વણકરો,રંગરેજો રંગારાના કૌશલ્યમાં સતત સુધારણા કરવી, તકનિકી રીતે તાલીમ પામેલ માનવશકિત મળી રહે એ સુનિ િ ત કરવું. યંત્રસામગ્રી અને સાધનો તથા ઉત્પાદન પ્રક્રિયાઓની કક્ષા ઉંચી લાવવી, બજારની માંગને અનુરૂપ ડિઝાઈનો અને બનાવેલા માલની ગુણવત્તાનો વિકાસ કરવો અને આ પાસાંઓની માહિતી હાથશાળ વણકરો અને કારીગરો સુધી પહોંચાડવી એ આવશ્ફક જરૂરિયાતો છે.

૨. <u>યોજનાનો ઉદ્દેશ :-</u>

વૈવિધ્યપૂર્ણ હાથશાળ વિકાસ યોજના, વિવિધ કાર્યક્રમો દ્વારા પ્રૌધોગિકીની કક્ષા ઉંચી લાવવાની કામગીરી કરે છે. જે વણકરોના કૌશલની કક્ષા ઉંચી લાવવી, ડિઝાઈનનો વિકાસ કરવો, અને બજારની માંગને પહોંચી વળવા માટે બનાવવામાં આવતા માલનો વિકાસ કરવો અને હાથશાળ વણકરોની ઉત્પાદકતા અને આવક વધારવાને આવરી લે છે. આ યોજનાના મુખ્ય ઉદ્દેશો આ પ્રમાણે છે.

(૧) ડિઝાઈનનો વિકાસ કરવામાં અને પ્રૌધોગિકીમાં વણકર સેવા કેન્દ્રો (ડબલ્યુએસસીઝ) ની પ્રવૃત્તિઓ સંગીન બનાવવી (વધારવી) અને પ્રદર્શનો તથા સેમિનારો દ્વારા વણકરો સુધી તેનું પ્રસારણ કરવું.

(૨) ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ, અધતન સુવિધાઓ, સાધન સામગ્રી અને ઉંચી કક્ષાની પ્રૌધોગિકીના ઉપયોગથી તેમની કામગીરીનાં ધોરણોમાં વધારો કરી શકે એ માટે તેમના આધાર માળખામાં સુધારો કરવો,

(૩) હાથશાળ ઉધોગમા તકનિકી તાલીમ પામેલા માનવશકિતની જરૂરિયાતને પહોંચી વળવા માટે અને તેમ કરીને આ ક્ષેત્રમાં રોજગારની તકો ઉભી કરવા માટે નવા વણકર સેવા કેન્દ્રો અને નવી ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ શરૂ કરવાં.

(૪) ઝડપથી બદલાતી પ્રૌધોગિકી, ઉત્પાદનની તકનિક બજારના વલણનું સીએડી પધ્ધતિનો ઉપયોગ કરીને ડિઝાઈનો વિકસાવવી, વગેરેથી વણકર સેવા કેન્દ્રોના અને ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓના કર્મચારીઓને માહિતગાર કરવા માટે તેમને તાલીમ આપવાની જરૂરિયાતો પૂરી કરવી.

(૫) બજારની ઝડપથી બદલાતી જતી માંગને પહોંચી વળવા માટે કાપડ ઉધોગને ખાસ કરીને હાથશાળ ક્ષેત્રને સક્ષમ કરવા માટે પરંપરાગત અને પ્રવર્તમાન સમયની ડિઝાઈનોને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે કાપડ ડિઝાઈનના રાષ્ટ્રીય કેન્દ્રની પ્રવૃત્તિઓનું સંચાલન કરવું.

(૬) આ ક્ષેત્રની માહિતી ચોકકસ પધ્ધતિએ અધતન રાખવાના ઉદ્દેશથી, ત્રીજી હાથશાળ વણતરી શરૂ કરવી અને હાથશાળ વણકરોના લાભ માટે વધુ ઉપયોગી અને અસરકારક યોજનાઓ તૈયાર કરવામાં સરળતા કરી આપવી.

(૭) હાથશાળ વણકરોને જુદા જુદા લાભ સીધા જ મળી રહે એ સુનિ િ ત કરવા માટે વણકરો અને નિષ્ણાંત (માસ્ટર) વણકરોને મુકરર કરવા, નોંધવા અને પ્રમાણિત કરવાની ઝુંબેશ શરૂ કરવાની જરૂર છે. હાથશાળ વણકરોને ઓળખપત્રો આપવામાં આવશે, જેનાથી એ સુનિ િ ત થાય કે ફકત સાચા વણકરોને જ હાથશાળ સબંધી જુદી જુદી યોજનાઓના લાભ મળે.

૩. ઘ ટ કો :-

યોજના નીચેની ઘટકોની બનેલી છે.

| ક્રમ નં. | ઘટક |
|---|---|
| ૩.૧ | વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓને સંગીન બનાવવા. |
| ૩.૨ | કાપડ ડિઝાઈનનું રાષ્ટ્રીય કેન્દ્ર (એનસીટીડી) |
| ૩.૩ | સંશોધન અને વિકાસ |
| ૩.૪ | જમ્મુ અને કાશમીર ઉન પરિયોજના |
| ૩.૫ | વણકર સેવા કેન્દ્ર( જમ્મુ કાશમીર) |
| ૩.૬ | મધ્યવર્તી (કેન્દ્રીય) ક્ષેત્રમાં નવી ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ શરૂ કરવી. |
| ૩.૭ | ત્રીજી હાથશાળ ગણતરી અને હાથશાળ વણકરોને ઓળખપત્રો આપવાં. |

૩.૧ વણકર સેવા કેન્દ્ર/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાને સંગીન બનાવવાં.

હાલમાં હાથશાળ ક્ષેત્ર, યંત્રશાળ અને મિલ ક્ષેત્રોની તીવ્ર સ્પર્ધાનો સામનો કરી રહયું છે. તેથી જો જરૂરી તકનિકી ઉત્પાદક-સામગ્રીઓ ધ્વારા આ ક્ષેત્રને અધતન બનાવવામાં નહિ આવે તો, સ્પર્ધામાં ટકી રહેવું મુશ્કેલ બનશે. તેથી વણકર સેવા કેન્દ્રો (ડબલ્યુએસસી) અને ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ (આઈઆઈએચટી) ને સંગીન બનાવવાની જરૂર છે.

હાલમાં ૨૫ વણકર સેવા કેન્દ્રો અને ૪ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ વણકરોના કૌશલની કક્ષા ઉંચી લાવવા માટે અને હાથશાળ ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારવા માટે તેમને તાલીમ આપવામાં અગત્યની ભુમિકા ભજવી રહી છે. તેઓ અસંખ્ય નવી ડિઝાઈનો વિકસાવવામાં અને પરંપરાગત ડિઝાઈનોને પુનર્જીવીત કરવામાં સાધનરૂપ પણ બની છે. વણકર સેવા કેન્દ્રો મુળભુત રીતે વિસ્તરણ સેવાઓ આપે છે, જેમાં ડિઝાઈન ઉત્પાદક સામગ્રીઓ એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલવી, વણકરોને તેમના ઘર આંગણે કૌશલો અને પ્રૌધોગિકી સંસ્થાઓ મુખ્યત્વે હાથશાળ ક્ષેત્રમાં પાત્રતાં ધરાવતાં અને તાલીમ પામેલા માણસો તૈયાર કરવાની અને પુરાં પાડવાની કામગીરી કરે છે અને હાથશાળ ઉધોગના તમામ પાસાંઓ પર પ્રયોગાત્મક અને સંશોધન કાર્યક્રમો કરે છે.

વણકર સેવા કેન્દ્રો અને ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓને સંગીન બનાવવા માટે નીચેની પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવશે.

૧. ડિઝાઈન પ્રદર્શન સહ-રંગકામ કાર્યશાળાઓ (વર્કશોપ્સ)

૨. કેન્દ્રીય ક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્રો શરૂ કરવા

૩. વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ માટુ પુર્વ જરૂરી સુવિધાઓ.

૪. રાજયના ક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ શરૂ કરવા માટે નાણાંકિય સહાય.

૫. ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા, જોધપુરને ચાલુ રાખવી.

૬.	વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓમાંના કર્મચારીઓને તાલીમ આપવી.

૩.૧.૧ <u>ડિઝાઈન પ્રદર્શન સહ રંગકામ કાર્યશાળા :-</u>

આ ઘટક, લેબ ટુ લેન્ડ ની વિભાવના પર આધારિત છે. અને દુરવર્તી સ્થળોએ પણ તકનિકી માહિતીનો ફેલાવો સુનિ િ ત કરવા માટે રચવામાં આવ્યો છે. વણકર સેવા કેન્દ્રો ૧૯૯૫-૯૬ થી રંગકામ સહ ડિઝાઈન કાર્યશાળાઓ (વર્કશોપ્સ) નું આયોજન કરી રહયાં છે. હાથશાળ વણકરોમા આ વર્કશોપની ઉપયોગિતાને ધ્યાનમાં લેતાં, અગિયારમી પંચવર્ષિય યોજના દરમિયાન આ પ્રવૃત્તિ ચાલુ રાખવાનું નકકી કરવામાં આવ્યું છે. વણકર સેવા કેન્દ્રો ધ્વારા વણકરોને ઘરઆંગણે કાપડની ડિઝાઈનો પ્રાપ્ય બનાવવા ઉપરાંત સુધારેલી રંગાઈકામ પ્રયુકિતઓને પ્રોત્સાહન આપવા અને તેનો પ્રચાર કરવા માટે હાથશાળ સમુહોમાં આ કાયૃશાળાઓ (વર્કશોપ્સ) નું આયોજન કરવામાં આવશે. દરેક અપેક્ષિત ખર્ચ રૂા. ૧૦,૦૦૦/- છે અને દરેક કાર્યશાળા (વર્કશોપ) લગભગ ૧૦૦ લાભાર્થીઓને આવરી લેશે. દર વર્ષે આવી ૨૫૦ કાર્યશાળા (વર્કશોપ) યોજવાનો લક્ષ્યાંક છે. બાબતવાર નાણાંકિય વિગતો નીચે દર્શાવવામાં આવેલી છે.

| | | |
|---|---|---|
| (ક) | પુર્વ-જરૂરી સુવિધા વ્યવસ્થા (ખુરશીઓ, ટેબલ અને તંબુ વગેરે ભાડે લેવાં) | રૂા. ૩૦૦૦.૦૦ |
| (ખ) | ડિઝાઈનો અને કાપડના નમુનાઓનું પ્રદર્શન/નિદર્શન | રૂા. ૧૫૦૦.૦૦ |
| (ગ) | ડિઝાઈન, રંગકામ છાપકામ માટે કલા સામગ્રી, રેસા કાપડ રંગો અને રસાયણો જેવી કાચી સામગ્રી ખરીદવી | રૂા. ૨૦૦૦.૦૦ |
| (ઘ) | પ્રચાર (આમંત્રણપત્રિકા, બેનર્સ, ચોપાનિયા,પત્રિકાઓ વગેરે | રૂા. ૧૦૦૦.૦૦ |
| (ચ) | તાલીમાર્થીઓને અલ્પાહાર, તાલીમાર્થી દીઠ રૂા.૧૦/- લેખે | રૂા. ૧૦૦૦.૦૦ |
| (છ) | પરિવહન (પ્રદર્શનની સામગ્રી લઈ જવા માટે ટેકસી/ જીપ ભાડે લેવી ) | રૂા. ૧૦૦૦.૦૦ |
| (જ) | પરચુરણ | રૂા. ૫૦૦.૦૦ |
| | કુલ સરવાળો | રૂા૧૦,૦૦૦.૦૦ |

પાત્ર લાભાર્થીઓ :- હાથશાળ વણકરો

અમલકર્તા એજન્સી :- સબંધિત રાજય સરકારોના સહકારમાં વણકર સેવા કેન્દ્રો છે.

નાણાં વ્યવસ્થાની પધ્ધતિ :- આ ઘટકને ભારત સરકાર ધ્વારા ૧૦૦ ટકા નાણાં આપવામાં આવશે.

૩.૧.૨ <u>કેન્દ્રીય ક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્રો શરૂ કરવાં.</u>

આ ઘટક ભારત સરકાર દ્વારા નવા વણકર સેવા કેન્દ્રો ખોલવા માટેની જોગવાઈ કરે છે. હાથશાળ કેન્દ્રિત અને નવા બનેલા રાજયોમાંથી થયેલી ભારે માંગના સંદર્ભમા કેટલાક વધુ વણકર સેવા કેન્દ્રો શરૂ કરવા માટે અગિયારમી પંચવર્ષિય યોજના માટેના કાપડ અને શણ ઉધોગ અંગેના કાર્યકારી જુથે ભલામણ કરી હતી. અગિયારમી પંચવર્ષિય યોજના દરમિયાન, વધુ વણકર સેવા કેન્દ્રો શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય ક્ષેત્રમાં એક વણકર સેવા કેન્દ્ર શરૂ કરવા અને તેને પાંચ વર્ષ સુધી ચલાવવાનું નીચુંની વિગતો મુજબનું ખર્ચ અંદાજે લગભગ રૂા. ૭.૭૧ કરોડ થાય તેમ છે.

| ક્રમ નં | બાબત | જોગવાઈ |
|---|---|---|
| ક | પુર્વ જરૂરીયાત ( અનાવર્તક) | |
| ૧ | જમીન | રાજય સરકારે વિના મુલ્યે આપવી. |
| ૨ | મુડી ખર્ચ જોગવાઈ | મકાન બાંધવામાટે રૂા. ૫૦૦ લાખ |

| | | |
|---|---|---|
| ૩ | ફર્નીચર અને જડિત વસ્તુઓ | રૂા. ૫.૦૦ લાખ |
| ૪ | સીએડી/સીએએમ/કોમ્પ્યુટરો/પરીક્ષણ સાધનો સહિત યંત્રસામગ્રી અને સાધન સામગ્રી | રૂા. ૧૫.૦૦ લાખ |
| | પેટા સરવાળો અનાવર્તક (ક) | રૂા. ૫૨૦.૦૦ લાખ |
| ખ | આવર્તક ખર્ચ (કર્મચારીઓના પગાર વગેરે અંગે) | |
| ૧ | ૩.૧.૪(ખ) હેઠળ વિગતવાર દર્શાવ્યા મુજબ ૨૯ જગ્યાઓ માટે પગારની જોગવાઈ | રૂા. ૩૫.૦૦ લાખ |
| ૨ | ઓટીએ, ટીએ (પ્રવાસભથ્થુ) ઓઇ,ગૌણ કાર્યો, આરઆરટી, વૃત્તિકા વગેરે જેવું અન્ય ખર્ચ | રૂા. ૧૫.૨૦ લાખ |
| | પેટાસરવાળો આવર્તક (ખ) | વાર્ષિક રૂા.૫૦.૨૦ લાખ એટલે કે ૫ વર્ષ માટે રૂા. ૨૫૧.૦૦ લાખ |
| | એકંદર સરવાળો (ક--ખ) | ૫ વર્ષ માટે રૂા. ૭૭૧ લાખ |

૩.૧.૩ <u>વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ માટે પુર્વ જરૂરી સુવિધાઓ :-</u>

હાલના ૨૫ વણકર સેવા કેન્દ્રોમાંથી ૧૦ વણકર સેવા કેન્દ્રો ખાનગી ભાડાના મકાનોમાં કામગીરી કરી રહયા છે. કામ કરવા માટે વધુ સારૂ વાતાવરણ પુરૂ પાડવાના અને ભાડા પેટે થતુ ઘણું મોટુ ખર્ચ ઘટાડવાના ઉદ્દેશથી એવું નકકી કરવામાં આવ્યું છે કે, આવા વણકર સેવા કેન્દ્રો પાસે તેમનું પોતાનું મકાન હોવું જોઈએ. વણકર સેવા કેન્દ્રો માટે જમીનની ફાળવણી અને કચેરીના મકાનોનું અને કર્મચારી નિવાસોનું બાંધકામ જેવી કામગીરીઓ અગિયારમી પંચવર્ષિય યોજના દરમિયાન હાથ ધરવામાં આવશે.

ચામોલી, પાણિપત, કન્નુર, કલકત્તા અને ઈમ્ફાલ ખાતેનાં વણકર સેવા કેન્દ્રનાં નવા મકાનોના બાંધકામ અંગે અને વારાણસી અને જોધપુર ખાતેની ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓના વિસ્તરણ માટે ખર્ચ કરવા વિચારાયું છે. અન્ય વણકર સેવા કેન્દ્રો/ અને ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓના મકાનોના બાંધકામ/વિસ્તરણ/ નવીકરણ અંગે પણ ખર્ચ કરવામાં આવશે. આમા ભાડાનાં મકાનોમાં કામગીરી કરતા વણકર સેવા કેન્દ્રો માટે જમીન ખરીદવાના ખર્ચનો પણ સમાવેશ થાય છે.

<u>અમલકર્તા એજન્સીઓ :-</u>

વિકાસ આયુકત (ડીસીએચએલ) હાથશાળની કચેરીની દેખરેખ હેઠળ વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ ધ્વારા આ ઘટક અમલમાં મુકવામાં આવશે.

<u>વ્યવસ્થાની પધ્ધતિ :-</u>

આ ઘટકને કેન્દ્ર સરકાર દ્વારા પુરેપુરા નાણાં આપવામાં આવશે.

૩.૧.૪ રાજય ક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્રો (ડબલ્યુએસસીઝ)/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી <u>સંસ્થાઓ(આઈઆઈએચટી) શરૂ કરવા માટે નાણાંકિય સહાય.</u>

જુદી જુદી રાજય સરકારો તરફથી તેમનાં રાજયોમાં વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ શરૂ કરવા માટે વારંવાર મળેલી વિનંતીઓને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે દસમી પંચવર્ષિય યોજના દરમિયાન રાજય સરકારોને એક વખત નાણાંકિય સહાય આપવાની એક યોજના ઘડી હતી તેની વિગતો નીચે મુજબ છે.

૩.૧.૪<u>(ક) રાજય ક્ષેત્રમાં ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા શરૂ કરવી.</u>

રાજય ક્ષેત્રમાં ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા શરૂ કરવા માટે, ભારત સરકાર રાજય સરકારને નીચે આપેલી વિગતો મુજબ એક વખત નાણાંકિય સહાય પુરી પાડશે.

(ક) ચાલુ પરિયોજના માટે :- દસમી પંચવર્ષિય યોજના દરમિયાન ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા, ચંપા (છત્તીસગઢ) સારૂ કરવા માટે મંજુરી આપવામાં આવી હતી. ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા

સ્થાપવા માટે દસમી પંચ વર્ષિય યોજના દરમિયાન ડીડીટીપી યોજનાનાં પ્રવર્તમાન ધોરણો મુજબ, અનાવર્તક ઘટક અંગે એક વખતની કેન્દ્રીય નાણાંકિય સહાય રૂા. ૧.૦૫ કરોડ સુધી મર્યાદિત છે. અને બાકીનું ખર્ચ સબંધિત રાજય સરકાર ભોગવશે. આ સદર હેઠળ નાણાં આપવાની રીત નીચે આપવામાં આવી છે.

| ક્રમ નં | ઘટક | કેન્દ્ર સરકારે ભોગવવાનું ખર્ચ | રાજય સરકારે ભોગવવાનું ખર્ચ |
|---|---|---|---|
| | અનાવર્તક ખર્ચ | | |
| ૧ | જમીન | - | રાજય સરકારે ભોગવવાના |
| ૨ | મકાન | - | રૂા.૦.૯૦ કરોડ |
| ૩ | ફર્નીચર, જડિત વસ્તુઓ, કચેરી યંત્રો, કર્મચારી કાર, બસ, સાધન સામગ્રી વગેરે (કેન્દ્ર અને રાજય સરકારે ૭૦:૩૦ના ધોરણે હિસ્સો આપવાનો ) | રૂા. ૧.૦૫ કરોડ | રૂા. ૦.૪૫ કરોડ |
| | અનાવર્તક ખર્ચ | | |
| ૪ | કર્મચારીવર્ગનો પગાર, વિધાર્થીઓ માટે વૃત્તિકા<br>કચેરી ખર્ચ, લેખનસામગ્રી કાચોમાલ સામાન વગેરે | - | વાર્ષિક રૂા.૦.૭૦ કરોડ |

(ખ) નવી દરખાસ્તો માટે :- રાજય ક્ષેત્રમાં નવી ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા શરૂ કરવા માટે, અગિયારમી પંચવર્ષિય યોનજનાના સમયગાળા દરમિયાન, એક વખતનું રૂા. ૪.૨૮ કરોડન કેન્દ્રીય અનુદાન એટલે કે રૂા. ૧૦.૬૯ કરોડના અનાવર્તક ખર્ચના ૪૦ ટકા રકમ આપવામાં આવશે. રૂા. ૧૦.૬૯ કરોડનું વિભાજન નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. જમીન અને મકાન | રૂા. ૯.૦૯ કરોડ |
| ૨. ફર્નીચર અને જડિત વસ્તુઓ, ઝેરોક્ષ યંત્રનું ખર્ચ | રૂા. ૦.૪૦ કરોડ |
| ૩. કર્મચારી કાર, સંસ્થાની બસ | રૂા. ૦.૨૦ કરોડ |
| ૪. યંત્રસામગ્રી અને સાધન સામગ્રીની ખરીદી | રૂા. ૧.૦૦ કરોડ |
| સરવાળો | રૂા.૧૦.૬૯ કરોડ |

ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ શરૂ કરવા અંગેની વિગતવાર માર્ગદર્શક સુચનાઓ, જોડાણ-૧ માં આપવામાં આવી છે.

અમલકર્તા એજન્સી :- રાજય સરકાર અમલકર્તા એજન્સી બનશે જે વિકાસ આયુકત(હાથશાળ)ની કચેરી દ્વારા નકકી કરવામાં આવેલા ધોરણો અનુસાર ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા શરૂ કરશે.

૩.૧.૪(ખ) રાજય ક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્રો ઉભા કરવા માટે નાણાંકિય સહાય :-

વણકરોની વધુ વસ્તી ધરાવતા વિસ્તારોમાં વણકર સેવા કેન્દ્રો શરૂ કરવા માટે રાજય સરકારોને એક વખત કેન્દ્રીય સહાય આપવા માટે આ ઘટક જોગવાઈ કરે છે.

એક વણકર સેવા કેન્દ્ર શરૂ કરવાનું અને પાંચ વર્ષ સુધી ચલાવવાનું ખર્ચ અંદાજે રૂા. ૭.૭૧ કરોડ જેટલું છે. રાજય ક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્ર ઉભુ કરવા માટે રાજય સરકારને રૂા. ૨૦૮.૦૦ લાખનું એક

વખતનું અનુદાન એટલે કે કુલ અનાવર્તક ખર્ચ રૂા. ૫૨૦.૦૦ લાખના ૪૦ ટકા રકમ નીચે દર્શાવેલ વિભાજન મુજબ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| | અનાવર્તક ખર્ચ | |
| ૧ | જમીન | રાજય સરકારે વિના મુલ્યે આપવાની |
| ૨ | મુડી ખર્ચ જોગવાઇ | વહીવટી અને તકનિકી બ્લોક અને કર્મચારી નિવાસોના બાંધામ માટે રૂા.૫૦૦.૦૦લાખ |
| ૩ | ફર્નીચર અને જડિત વસ્તુઓ | રૂા. ૫.૦૦ લાખ |
| ૪ | યંત્રસામગ્રી અને સાધનો (સીએડી/કોમ્પ્યુટર/પરીક્ષણ સાધનો વગેરે સહિત ) | રૂા. ૧૫.૦૦ લાખ |
| | સરવાળો | રૂા. ૫૨૦.૦૦ લાખ |
| | અનાવર્તક ખર્ચ | |
| ૧ | પગાર (વાર્ષિક) | રૂા. ૩૫.૦૦ લાખ |
| ૨ | વેતન,ઓટીએ, પ્રવાસ, કચેરીખર્ચ, નાના કામ, ભાડુ દર અને વેરા, વૃતિકા, વગેરે અંગે અન્ય ખર્ચ (વાર્ષિક) | રૂા. ૧૫.૨૦ લાખ |
| | સરવાળો | રૂા. ૫૦.૨૦ લાખ વાર્ષિક (૫ વર્ષ માટે રૂા. ૨૫૧.૦૦ લાખ) |

<u>અમલકર્તા એજન્સી :-</u> સબંધિત રાજય સરકાર આ ઘટકનો અમલ કરશે.

રાજયક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્ર ઉભુ કરવા માટેની વિગતવાર માર્ગદર્શક સુચનાઓ જોડાણ-૨મા આપવામાં આવી છે.

૩.૧.૫ <u>ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા, જોધપુરને ચાલુ રાખવી.</u>

રાજસ્થાન અને તેની પાસેના રાજયોના હાથશાળ ઉધોગની જરૂરિયાતો પુરી કરવા માટે ૧૯૯૩માં જોધપુર (રાજસ્થાન) ખાતે એક મભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા શરૂ કરવામાં આવી હતી. પગાર, વેતન, શિષ્યવૃત્તિઓ/વૃત્તિકા, પ્રવાસખર્ચ, યંત્રસામગ્રી અને સાધનો અને કચેરી ખર્ચને પહોંચ વળવા માટે અગિયારમી પંચવર્ષિય યોજના દરમિયાન કેન્દ્રીય ક્ષેત્ર હેઠળ પણ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા, જોધપુરને સહાય આપવાનું નકકી કરવામાં આવ્યું છે.

ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા જોધપુર ફકત ૨૦૦૭-૦૮ના વર્ષ માટે જ આયોજન યોજના હેઠળ ચાલુ રહેશે અને ત્યાર પછી સમગ્ર ખર્ચ આયોજન બહારમાંથી મેળવવામાં આવશે.

૩.૧.૬ <u>વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓમાં કર્મચારીવર્ગની તાલીમ :-</u>

પ્રૌધોગિકીની પ્રગતિ અને મુકત અર્થવ્યવસ્થા દ્વારા ઉભા થયેલા પડકારો અને ફેશન તથા ડિઝાઇનના વલણોમાં ઝડપથી થતા ફેરફારોનો સામનો કરવા માટે વણકર સેવા કેન્દ્રો/ ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓના કર્મચારીઓને, કોમ્પ્યુટર અને સીએડી પધ્ધતિનો ઉપયોગ કરીને ઉત્પાદન, બજારના વલણનું પૃથકકરણ, ખર્ચ પૃથકકરણ અને ડિઝાઇન વિકાસની આધુનિક તકનીકોની તાલીમ આપવી જરૂરી છે. આ ઘટક વણકર સેવા કેન્દ્રો/ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓના કર્મચારી વર્ગને આંતરારાષ્ટ્રીય/રાષ્ટ્રીય અને રાજય સ્તરની પ્રતિષ્ઠિત સંસ્થાઓના પસંદ કરવામાં આવેલા અભ્યાસક્રમોની તાલીમ માટેની જોગવાઇ કરે છે.

૩.૨ <u>કાપડ ડિઝાઇનનું રાષ્ટ્રીય કેન્દ્ર ( એનસીટીડી)</u>

કાપડ ડિઝાઈનનું રાષ્ટ્રીય ( અગાઉ રાષ્ટ્રીય ડિઝાઈન કેન્દ્ર તરીકે જાણીતું ) ઝડપથી બદલાતી જતી બજારની માંગને પહોંચી વળવા માટે પરંપરાગત અને ચાલુ સમયની ડિઝાઈનોને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે અને તેમ કરીને સામાન્ય રીતે કાપડ ઉધોગને અને ખાસ કરીને હાથશાળ ક્ષેત્રને વૃધ્ધિ માટે પુરતી તક પુરી પાડીને ૨૦૦૧માં ઉભુ કરવામાં આવ્યું છે. કાપડ ડિઝાઈનના રાષ્ટ્રીય કેન્દ્રના ઉદ્દેશો અને હેતુઓ આ પ્રમાણે છે.

૧.. કાપડ ઉધોગના તમામ વિભાગો, ડિઝાઈનરો, વસ્ત્ર ઉત્પાદકો, હાથશાળ વણકરો અને કાપડ ઉધોગને ડિઝાઈનની ઉત્પાદક સામગ્રીઓ, ડિઝાઈન માર્ગદર્શન અને વિગતવાર વર્ણન સરળતાથી ઉપલબ્ધ બનાવતા જુદીજુદી ઉત્પાદન કક્ષાના વિક્રેતાઓને મળવા માટે મંચ પુરો પાડવો.

૨.. વણકર સેવા કેન્દ્રો, કેન્દ્રોના પોતાના સંશોધન અને વિકાસ અંગેના પ્રયત્નો, પ્રદર્શનો અને બજારમાથી કે અન્ય કોઈ સ્ત્રોતમાંથી થયેલી પ્રાપ્તિમાંથી બનાવેલી ડિઝાઈનોના સંગ્રહના કેન્દ્રીકૃત કરેલા સમુચ્ચયને સ્થાપિત કરવો, ચલાવવો અને જાળવી રાખવા, દરેક ડિઝાઈનનો તકનીકી રીતે દસ્તાવેજ તૈયાર કરવો અને વપરાશકારો પાસેથી માંગ થયેથી આ ડિઝાઈનોને ઉપલબ્ધ બનાવવી.

નીચેની ઓન લાઈન અને ઓફ લાઈન પ્રવૃત્તિઓ મારફત કાપડ ડિઝાઈનના રાષ્ટ્રીય કેન્દ્રના લક્ષ્યાંકો અને ઉદ્દેશો સિધ્ધ કરવામાં આવશે.

<u>ઓનલાઈન પ્રવૃત્તિઓમાં -</u> (૧) વલણો અને રંગની આગાહી, (૨) ડિઝાઈન સમુચ્ચય (૩) ડિઝાઈનરોની પેનલ (ટુકડી) (૪) કાપડ ઉધોગ સાથે સબંધિત વેબ સાઈટો સાથે જોડાણો (૫) ભારતનો કાપડો ઉધોગ, (૬) ઉધોગ અને (પીળા પત્રો) અંગેની માહિતી (૭) વારસાગત કાપડ ઉધોગના યથાર્થ સંગ્રહાલયનો સમાવેશ થાય છે.

ઓફ લાઈન પ્રવૃત્તિઓમાં (૧) વધુ સારી રીતે પ્રગટ કરવા અને દૃષ્ટિગોચર બનાવવા માટે ખાસ વિષય આધારિત પ્રદર્શનો સતત યોજવા, અને (૨) એકાધિકાર (પેટન્ટ) કૃતિ-હક(કોપીરાઈટ) બિન પ્રશુલ્ક નાકા (નોન ટેરીફ) બેરિયર્સ, એન્ટિ-ડમ્પીંગ, વગેરેના ક્ષેત્રમાંની સેવાની જરૂરિયાતો પુરી કરવી.- નો સમાવેશ થશે. આ સંદર્ભમાં, સ્થળ સુરક્ષા અને પાસવર્ડ રક્ષણ, વગેરે જેવા માહિતી પ્રૌધોગિકીના ક્ષેત્રમાં નવા ઉભરતા કાયદા અને કાર્યપધ્ધતિઓ અંગેની માહિતી પુરી પાડવા માટે એક કાનુની એકમ રચવામાં આવશે.

અગિયારમી પંચવર્ષિય યોજના દરમિયાન, કાપડ ડિઝાઈનના રાષ્ટ્રીય કેન્દ્રની પ્રવૃત્તિઓ સંગીન બનાવવામાં આવશે. નીચેની પ્રવૃત્તિઓ અંગે,

(૧) વેબ-સાઈટ અધતન રાખવી. (૨) વેબ સાઈટનો પ્રચાર (૩) ડિઝાઈનના વલણો અને રંગ આગાહી મેળવવાં. (૪) થીમ (વિષય) આધારિત નમુના/યાર્ડેજનો વિકાસ (૫) થીમ (વિષય) આધારિત પ્રદર્શનો સતત યોજવા. (૬) પ્રદર્શનનો પ્રચાર (૭) કેન્દ્રના નિભાવ વગેરે અંગે આવર્તક ખર્ચ.

### ૩.૩ <u>સંશોધન અને વિકાસ ( આર એન્ડ ડી )</u>

આ ઘટક સંશોધન, મોજણી, ડિઝાઈન દસ્તાવેજીકરણ અને વિકાસ, તકનિકી સુધારણા માટે નાણાંકિય સહાય આપે છે. ડિઝાઈન અથવા તકનીકી વિકાસ માટે કોમ્પ્યુટર વગેરે જેવાં સાધનો પુરા પાડવાં, હાથશાળ સબંધિત ઉત્પાદિત માલના વિકાસ માટે વ્યૂહરચનાઓ/ પ્રયુકિતઓ તૈયાર કરવી, ગુણવત્તાની કક્ષા ઉંચી લાવવી, ખરીદ વેચાણ અને તાલીમ કાર્યક્રમ/ સેમિનારો વગેરે મારફત માહિતીનો ફેલાવો કરવા માટે નાણાંકિય સહાય આપે છે. શોધ-તપાસ કામગીરી, અનુભવલક્ષી કાર્યો વગેરે દ્વારા હાથશાળ ક્ષેત્રમાં વિકાસને પ્રોતસાહન આપવા માટે કોઈપણ દરખાસ્ત અને ક્ષેત્રનાં સંગઠનાત્મક પાસાં અંગે સંશોધન....

<u>સહાયને પાત્ર સંગઠનો :-</u>

સંશોધન અને વિકાસ હેઠળ સહાયને વણકરોનાં સંગઠનો, કોઇપણ વૈધાનિક અધિનિયમો ( કંપની ધારો વગેરે) હેઠળ નોંધાયેલાં બિન સરકારી સંગઠનો, યુનિવર્સિટીઓ અને યોજનાનો અસરકારક રીતે અમલ કરવા માટે મુળભુત પુર્વ જરૂરી સુવિધાઓ ધરાવતી ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ અને વણકર સેવા કેન્દ્રો સહિતની માન્યતા પ્રા સંશોધન સંસ્થાઓને આપી શકાશે.

૩.૪ <u>જમ્મુ અને કાશ્મીર ( જે એન્ડ કે ) ઉન વિકાસ પરિયોજના :-</u>

દસમી પંચવર્ષિય યોજના દરમિયાન વડાપ્રધાન આર્થિક પેકેજ હેઠળ જમ્મુ અને કાશ્મીર રાજય માટે હાથશાળ ક્ષેત્ર સાથે સબંધિત ઉન અને ઉનની ડિઝાઇન અને વિકાસ કેન્દ્રના વિકાસ માટેની સંકલિત પરિયોજના ના નામવાળી એક ખાસ વિકાસ પરિયોજના મંજુર કરવામાં આવી હતી.

આ પરિયોજનામાં તકનિકી આધાર, ઉત્પાદન માનીકરણ, સામગ્રીનું પરીક્ષણ, ડિઝાઇન વિકાસ કાપડના વણાટકામ પછીની પ્રક્રિયાઓ, કર્મચારીઓની તાલીમ, આખરી રૂપ ફીનીસીંગ આપવાની પ્રક્રિયા અને ખરીદ વેચાણ તથા બજાર સંશોધન સહિત યંત્રોની કક્ષા ઉંચી લાવવા સહિત જમ્મુ અને કાશ્મીર રાજય માટે ઉની કાપડ ક્ષેત્રના સમગ્ર વિકાસ માટેનાં જુદા જુદા પાસાંઓ અંગે વિચારવામાં આવ્યું હતું. તેથી આ પરિયોજના જમ્મુ અને કાશ્મીરના વણકરોની જાણકારી, કૌશલો, મુળભુત તકનીકી નિવેશ અને ખરીદ વેચાણની તકોની કક્ષા ઉંચી લાવીને તેમની આવક અને સામાજિક આર્થિક દરજજામાં વધારો કરશે. આ પરિયોજનાને કુલ રૂા. ૪.૯૩ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવી છે. આ પરિયોજના રામબાગ સિલ્ક ફેકટરી, શ્રીનગર ખાતે શરૂ કરવામાં આવી છે.

અમલકર્તા એજન્સી :-આ પરિયોજનાની અમલકર્તા એજન્સી રાજય સરકાર દ્વારા નામનિયુકત જમ્મુ અને કાશ્મીર રાજય હાથશાળ વિકાસ નિગમ, જમ્મુ છે.

૩.૫ <u>વણકર સેવા કેન્દ્ર, જમ્મુ અને કાશ્મીર :-</u>

કેન્દ્રીય ક્ષેત્ર હેઠળ ૨૦૦૩-૦૪ દરમિયાન શ્રીનગરમાં એક વણકર સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્ર રાજય સરકારના એક મકાનમાં આવેલુ છે. અને ડિઝાઇન તથા નમુના વિકાસ, તાલીમ વગેરે તેમજ કેન્દ્રની અન્ય રોજબરોજની પ્રવૃત્તિઓ કરવા માટે વિકાસ આયુકત (હાથશાળ)ની કચેરી દ્વારા તમામ કર્મચારીઓની નિયુકિત કરવામાં આવી છે. પગાર, કચેરી ખર્ચ, યંત્રસામગ્રી/સાધનો, કાથી માલ સામાન વગેરે અંગેનું સંપુર્ણ ખર્ચ ભારત સરકાર ભોગવે છે.

વણકર સેવા કેન્દ્ર, શ્રીનગર આયોજન યોજના હેઠળ ફકત ૨૦૦૭-૦૮ દરમિયાન જ ચાલુ રહેશે અને ત્યારપછી, વણકર સેવા કેન્દ્ર, શ્રીનગર અંગેનું સંપુર્ણ ખર્ચ આયોજન-બહારમાંથી મેળવવામાં આવશે.

૩.૬ <u>કેન્દ્રીય ક્ષેત્ર, બારગઢમાં ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ શરૂ કરવી :-</u>

તકનીકી લાયકાત ધરાવતા માણસો માટેની હાથશાળ ક્ષેત્રની જરૂરિયાતો પુરી કરવા માટે જયાં જરૂર હોય ત્યાં કેન્દ્રીય ક્ષેત્રમાં ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ શરૂ કરવા માટે અગિયારમી પંચવર્ષિય યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે. ઓગસ્ટ-૨૦૦૬માં ઓરિસ્સા રાજયની મુલાકાત દરમિયાન માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા જાહેર કરવામાં આવ્યા મુજબ બારગઢ (ઓરિસ્સા) ખાતે એક ભધારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા શરૂ કરવામાં આવી રહી છે. મંજુર કરવામાં આવેલા ધોરણો મુજબ, ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા શરૂ કરવા માટેનું કુલ ખર્ચ રૂા. ૧૩.૦૫ કરોડ છે અને કર્મચારીઓની કુલ સંખ્યા-૩૫ છે.

<u>નાણાં વ્યવસ્થાની પધ્ધતિ :-</u> આ ઘટકને કેન્દ્ર સરકાર દ્વારા સંપુર્ણ રીતે નાણાં આપવામાં આવશે અને મકાનનું બાંધકામ, પગાર, વેતન, શિષ્યવૃત્તિઓ/વૃતિકા, પ્રવાસ ખર્ચ, યંત્રસામગ્રી અને સાધનસામગ્રી અંગેના ખર્ચ તથા કચેરી ખર્ચને પહોંચી વળવા માટે નાણાંની જરૂરિયાત રહેશે.

૩.૭ તૃતીય હાથશાળ ગણતરી અને હાથશાળ વણકરોને ઓળખપત્રો આપવા.

૩.૭.૧ ભૂમિકા :-

ક્ષેત્રની જરૂરીયાત ચોકકસ રીતે સુનિ િ ત કરવા અને હાથશાળ વણકરોના લાભાર્થે વધુ ઉપયોગી અને અસરકારક યોજનાઓ ઘડવાની પ્રક્રિયા સરળ બનાવવા, વિકાસ આયુકતની કચેરી (હાથશાળ) એ ૧૯૮૭-૮૮ અને ૧૯૯૫-૯૬માં બે ગણતરી કરી છે.

૨૭ રાજયો/સંઘ પ્રદેશોને આવરી લેતી, રાષ્ટ્ર કક્ષાની હાથશાળ વણકરોની પ્રથમ વસતિ ગણતરી, ૧૯૮૭-૮૮માંકરવામાં આવી હતી. વસ્તી ગણતરીનો ઉદેશ, હાથશાળ ક્ષેત્ર માટે નકકર આધાર માહિતી તૈયાર કરવાનો હતો. (ક) આયોજન હેતુસર નિવેશ સામગ્રી પુરી પાડવા તેમજ (ખ) ક્ષેત્ર સબંધિત જુદીજુદી ભુતકાલીન તેમજ વર્તમાન નીતિ વિષયક પગલાંની અસલ તપાસવાના બે મુખ્ય ઉદેશો સિધ્ધ કરવા આ ક્ષેત્ર સબંધિત અધતન માહિતી મેળવવા ૧૯૯૫-૯૬ માં આ કાર્યવાહી ફરી કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. તદઅનુસાર ૧૯૯૫-૯૬માં દ્વિતીય વસ્તી ગણતરી કરવામાં આવી હતી. મુખ્ય વિસ્તારો મુકરર કરીને સુસંગત નીતિ ઘડવામાં આ આધાર માહિતી નીતિ ઘડવૈયાઓને મદદરૂપ થઇ છે.

હાથશાળ વણકરોને સરકારમાંથી જુદાજુદા લાભોની પ્રત્યક્ષ તબદીલી સુનિશ્ચિત કરવા તેઓને ઓળખપત્ર કાઢી આપવા માટે વણકરો અને નિપુણ વણકરોની ઓળખ નોંધણી અને પ્રમાણિકરણની ઝુંબેશ હાથ ધરવાની જરૂર જણાઇ છે.

૩.૭.૨ નવી વસ્તી ગણતરી કરવા માટેની તેમજ ઓળખપત્રો આપવાની જરૂરિયાત :-

છેલ્લી વસ્તી ગણતરી લગભગ અગિાર વર્ષ પહેલાં કરવામાં આવી હતી. ત્યાર બાદ ક્ષેત્રમાં ઘણાં ફેરફાર થઇ ગયા છે. ભૌતિક અને નાણાંકિય રૂપે કાપડ ઉત્પાદન અને રોજગાર સબંધિત વિગતો જેવા બૃહદ કક્ષાના સુચકો સુધી પહોંચવા માટે સુસંગત અનુભવલક્ષી સબંધ સ્થાપવા માટે ગુણવત્તા અને જથ્થામાં થયેલા ફેરફારો અંગેની આધાર માહિતી અધતન કરવી જરૂરી છે. તેથી હાથશાળ વણકરોના લાભાર્થે વધુ ઉપયોગી અને અસરકારક યોજના ઘડવા માટે ચોકકસરૂપ રીતે આ ક્ષેત્રની જરૂરિયાત સુનિ િ ત કરવી જરૂરી છે.

હાથશાળ વણકરોને ઓળખપત્રો આપવાથી સાચા વણકરો જ તેમની વૃધ્ધિ અને લગાતાર વિકાસ માટે આ કચેરી દ્વારા અમલમાં મુકવામાં આવેલી જુદી જુદી યોજનાઓનો સરળ રીતે લાભ મેળવે એ સુનિશ્ચિત થશે. વણકરોએ આ યોજનાઓનો લાભ મેળવવા માટે તેમની ઓળખ પુરવાર કરવાની રહે છે.

૩.૭.૩ યોજનાની મુખ્ય લાક્ષણિકતાઓ :-

૩.૭.૩ (ક) વ્યાપ :-

વસ્તી ગણતરીમાં સમગ્ર દેશની સમગ્ર વણકર વસ્તીને આવરી લેવામાં આવશે. વણકરોને ઓળખપત્રો આપવામાં આવશે.

૩.૭.૩ પાત્રતા ધરાવતી સંસ્થાઓ :- આજ પ્રકારની રાષ્ટ્ક્ષરીય કક્ષાની વસ્તી ગણતરી/મોજણી કરવાનો પુર્વ અનુભવ ધરાવતી સંસ્થાઓ જ અરજી કરવાની પાત્રતા ધરાવે છે.

૩.૭.૩ વસ્તી ગણતરી માટે વિચારવાના મુદા :-

સૂચિત વસ્તી ગણતરીમાં વણકરો/ સંલગ્ન કામદારોની સામાજિક આર્થિક પરિસ્થિતિને આવરી લેવામાં આવશે. વિચારવાના ચોકકસ મુદા નીચે મુજબ છે.

(૧) ઘરગથ્થુ તેમજ બિન ઘરગથ્થુ વણાટ એકમોની ખરેખર સંખ્યા, તેમજ સમગ્ર દેશની કાર્યરત હાથશાળોની સંખ્યાને ખાસ અનુલક્ષીને હાથશાળોની સંખ્યા અંગે આધાર માહિતી તૈયાર કરવી.

(૨) વણાટ એકમોના સંગઠનના માળખાનો અભ્યાસ કરવો.

(૩) વણકરો અને સંલગ્ન કામદારો સહિત હાથશાળ ક્ષેત્રના રોજગાર માળખાનો અભ્યાસ કરવો.

(૪) હાથશાળ કામદારોનું લિંગ, જાતિ અને ધર્મવાર વર્ગીકરણ.

(૫) હાથશાળ કામદારોનું સામાજિક-આર્થિક વિશ્લેષણ કરવું. જેમાં ઉપયોગમાં લેવામાં આવેલા સુતર તેમજ ઉત્પન્ન કરવામાં આવેલા કાપડનો જથ્થો, પ્રકાર અને મુલ્યનો સમાવેશ કરવો.

(૬) કામદારો તેમજ સાળ રૂપે ઉત્પાદકતા

(૭) વણાટ તેમજ અન્ય સ્ત્રોત બન્નેમાંથી વણાટ એકમોની આવક.

(૮) આવક પ્રદેશમાં હાથશાળ ક્ષેત્રનું વિહંગાવલોકન

(૯) રાજય કક્ષાએ હાથશાળ ક્ષેત્રનું વિહંગાવલોકન કરવું.

(૧૦) વસ્તી ગણતરી દરમિયાન ગણતરીમાં લેવામાં આવેલ તમામ વણકરોને ઓળખપત્રો આપવાં.

૩.૭.૩ <u>(ઘ). અમલ કરતી સંસ્થાની પસંદગી :-</u>

હાથશાળ માટેના વિકાસ આયુકતની કચેરી કાપડ મંત્રાલય પારદર્શક સ્પર્ધાત્મક બોલી પ્રક્રિયા મારફત ઉકત કામગીરી કરવા માટે સક્ષમ સંગઠન પસંદ કરશે. મંત્રાલય પ્રતિષ્ઠિત અને અનુભવી ખાસ સંસ્થાઓ પાસેથી (૧) તકનિકી અને(૨) નાણાંકિય એવી બે બોલી પધ્ધતિમાં અલગ સીલ કરેલાં ટેન્ડર મંગાવશે.

૩.૭.૩ <u>(ચ) સમય માળખુ :-</u>

વસ્તી ગણતરી પુરી કરવા માટેનો સમય, કાર્યઆદેશ આપવામાં આવ્યો હોય તે તારીખથી ૧૮ મહિનાનો રહેશે. વસ્તી ગણતરી દરમિયાન નોંધવામાં આવેલા તમામ વણકરોને ઓળખપત્રો આપવામાં આવશે.

૩.૭.૩ <u>(છ) નાણાં વ્યવસ્થા પધ્ધતિ :-</u>

વસ્તી ગણતરી તેમજ હાથશાળ વણકરોને ઓળખપત્રો આપવાનું સમગ્ર ખર્ચ, ભારત સરકાર ભોગવશે. અમલ કરતી કામગીરીનો સંસ્થાઓને હ ાઓમાં ભંડોળ આપવામાં આવશે.

૩.૭.૩ <u>(જ) દેખરેખ નિયંત્રણ :-</u>

હાથશાળ માટેના વિકાસ આયુકતની કચેરી, વસ્તી ગણતરી અને હાથશાળ વણકરોને ઓળખપત્રો આપવાની કામગીરીનું પ્રગતિ દેખરેખ નિયંત્રણ અને સમીક્ષા કરશે.

<u>જો ડા ણ - ૧</u>

કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર દ્વારા સંયુકત રીતે નવી ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાઓ (આઇઆઇએચટી) શરૂ કરવા માટે કેન્દ્રિય નાણાંકિય સહાય માટેની માર્ગદર્શક સુચનાઓ :-

(ક). સબંધિત રાજય સરકાર નવી ભારતીય હાથશાળ પ્રૌધોગિકીની સંસ્થાઓ (આઇઆઇએચટી) શરૂ કરવા જરૂરી જમીન અને મકાન અને તમામ આવર્તક ખર્ચ કરીને તેને રાજય એકમ તરીકે ચલાવવાની જવાબદારી લેશે. વિવિધ હાથશાળ વિકાસ યોજના ના ફકરા ૩.૧.૪(ક) (ખ) માં જણાવ્યા મુજબ કેન્દ્રીય સહાય રૂા. ૪.૨૮ કરોડના પુરતી સીમિત રહેશે. બાંધકામ પુરૂ થાય અને સંસ્થા ચલાવવા માટે કર્મચારીવર્ગની સ્થળ નિયુકિત થાય, ત્યાર પછી એક વખતનું અનુદાન ત્રણ હ ાઓમાં છુટુ કરવામાં આવશે. વધુ વિસ્તરણ માટે જરૂરી કોઈપણ ભંડોળ સબંધિત રાજય સરકાર દ્વારા પુરૂ પાડવામાં આવશે.

(ખ). કર્મચારી વર્ગની જરૂરિયાત અને પગાર ધોરણની જોગવાઇ, ભરતી નિયમો, નોકરીની શરતો વગેરે સબંધિત રાજય સરકારી કર્મચારીઓને લાગુ પડે છે તે મુજબનાં રહેશે. આ અંગે કેન્દ્ર સરકારની કોઇ જવાબદારી રહેશે નહિ.

(ગ). કેન્દ્ર સરકાર તકનિકી માર્ગદર્શન અને સલાહ પુરી પાડવા બધા પ્રયત્નો કરશે. જો કે યોજના ઘડીને તેનો અમલ કરવાની જવાબદારી સબંધિત રાજય સરકારની રહેશે.

(ઘ). એઆઇસીટીઇ નાં ધોરણો મુજબ સંસ્થા શરૂ કરવા માટે જરૂરી વિસ્તાર/જગ્યાની વિગતો આ સાથે જોડેલ પત્રક-૨ માં આપવામાં આવી છે.

(ચ). રાજય સરકાર, કેન્દ્ર સરકાર તરફથી મળેલા અનુદાનના હિસાબ રજુ કરવાની અને સંસ્થાની કામગીરી શરૂ કર્યાની તારીખથી ઓછામાં ઓછા પાંચ વર્ષ માટેના વાર્ષિક પ્રગતિ અહેવાલો પણ રજુકરવાની બાંયધરી આપશે.

(છ). આ સંસ્થા, વિકાસ આયુકત (હાથશાળ) ની સીધા નિયંત્રણ હેઠળની સાલેમ, વારાણસી, ગૌહાટી અને જોધપુર ખાતેની સંસ્થાઓ જેવા જ સામાન્ય પરીક્ષા, અભ્યાસક્રમ-ટીકા ટીપ્પણી અને શૈક્ષણિક અભ્યાસક્રમ રાખશે.

(જ). નવી શરૂ કરવામાં આવેલી સંસ્થાના પ્રતિનિધિ, ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થા ( આઈઆઈએચટી) ના વ્યવસ્થાપક મંડળના સભ્ય રહેશે.

(ઝ). ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાના સંચાલક મંડળનો નિર્ણય નવી ભારતીય હાથશાળ પ્રૌધોગિકી સંસ્થાને પણ બંધનકર્તા રહેશે.

(ટ). જરૂરી કર્મચારીવર્ગની વિગતો આ સાથે જોડેલા પત્રક-૧માં આપવામાં આવી છે.

<u>જોડાણ-૧માં ઉલ્લેખેલ પત્રક :-</u>

| ક્રમ | કક્ષા | પગારધોરણ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આચાર્ય (નિયામક) | રૂા.૧૨૦૦૦-૧૬૫૦૦ | ૧ |
| ૨ | પ્રવર વ્યાખ્યાતા (ટેક્ષ્ટાઈલ કેમેસ્ટ્રી) | રૂા. ૮૦૦૦-૧૩૫૦૦ | ૧ |
| ૩ | પ્રવર વ્યાખ્યાતા ( કાપડ પ્રૌધોગિકી) | રૂા. ૮૦૦૦-૧૩૫૦૦ | ૧ |
| ૪ | પ્રવર વ્યાખ્યાતા (કાપડ ડીઝાઈન) | રૂા. ૮૦૦૦-૧૩૫૦૦ | ૧ |
| | સરવાળો (ક) | | ૪ |
| ૧ | હિસાબી અધિકારી(મદદનીશ નિયામકકક્ષા-ર(એનટી) | રૂા. ૬૫૦૦-૧૦૫૦૦ | ૧ |
| ૨ | વ્યાખ્યાતા-વણાટકામ(પ્રશિક્ષકસહ નિર્દેશક | રૂા. ૫૫૦૦-૯૦૦૦ | ૧ |
| ૩ | ગ્રંથપાલ | રૂા. ૫૫૦૦-૯૦૦૦ | ૧ |
| ૪ | વ્યાખ્યાતા-કાપડ (મદદનીશ માસ્ટર કક્ષા-૧) | રૂા. ૫૫૦૦-૯૦૦૦ | ૧ |
| ૫ | આચાર્ય અંગત મદદનીશ (સ્ટેનો કક્ષા-ર) | રૂા. ૫૦૦૦-૮૦૦૦ | ૧ |
| ૬ | વ્યાખ્યાતાઃ ટેક્ષ્ઠાઈલ કેમેસ્ટ્રી પ્રિ.રંગકામ મદદનીશ | રૂા.૪૫૦૦-૭૦૦૦ | ૧ |
| ૭ | હિસાબનીશ/મદદનીશ | રૂા. ૫૦૦૦-૮૦૦૦ | ૧ |
| ૮ | પ્રયોગશાળા તકનિકવિદ (પ્રયોગશાળા મદદનીશ) | રૂા. ૪૦૦૦-૬૦૦૦ | ૧ |
| ૯ | પ્રશિક્ષક-વણાટકામ | રૂા. ૪૦૦૦-૬૦૦૦ | ૧ |
| ૧૦ | પ્રશિષક-પ્રિન્ટર | રૂા. ૪૦૦૦-૬૦૦૦ | ૧ |
| ૧૧ | પ્રયોગશાળા તકનિકવિદ-વણાટકામ મુખ્ય વણકર | રૂા. ૪૦૦૦-૬૦૦૦ | ૧ |
| ૧૨ | લઘુલિપિક કક્ષા-૩ | રૂા. ૪૦૦૦-૬૦૦૦ | ૧ |
| ૧૩ | યુડીસી (સુપર ડિવીઝન કલાર્ક) | રૂા. ૪૦૦૦-૬૦૦૦ | ૨ |
| ૧૪ | સ્ટોરકીપર | રૂા. ૪૦૦૦-૬૦૦૦ | ૧ |
| ૧૫ | પ્રશિષકઃ પ્રોસેસિંગ (ડાપિંગ માસ્ટર) | રૂા. ૩૦૫૦-૪૫૯૦ | ૧ |
| ૧૬ | પ્રયોગશાળા તકનિકવિદ-પ્રોસેસિંગ (ડાયર) | રૂા. ૩૦૫૦-૪૫૯૦ | ૧ |
| ૧૭ | પ્રયોગશાળા તકનિકવિદ :વણાટકામ (નિપુણ વણકર) | રૂા. ૩૦૫૦-૪૫૯૦ | ૧ |
| ૧૮ | એલડીસી (લોઅર ડિવીઝન કલાર્ક) | રૂા. ૩૦૫૦-૪૫૯૦ | ૩ |
| ૧૯ | ડ્રાઈવર | રૂા. ૩૦૫૦-૪૫૯૦ | ૧ |
| ૨૦ | વોર્પર | રૂા. ૨૬૫૦-૪૦૦૦ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | પ્રયોગશાળા પરિચય-વણાટકામ | રૂા. ૨૫૫૦-૩૨૦૦ | ૩ |
| ૨૨ | પ્રયોગશાળા પરિચય-પ્રોસેસિંગ | રૂા. ૨૫૫૦-૩૨૦૦ | ૨ |
| ૨૩ | પરિચય | રૂા. ૨૫૫૦-૩૨૦૦ | ૨ |
| ૨૪ | પટાવાળા | રૂા. ૨૫૫૦-૩૨૦૦ | ૧ |
| | સરવાળો(ખ) | | ૩૧ |
| | એકંદર સરવાળો (ક) (ખ) | | ૩૫ |

જોડાણ-૧માં ઉલ્લેખાયેલ પત્રક-૨ :- સંસ્થાના મકાનની જરૂરિયાત

| (ક) | સંસ્થા વિસ્તાર | ભોયતળીયે ક્ષેત્રફળ (ચો.મી.માં) |
|---|---|---|
| ૧ | વર્ગખંડ-૬૦ ચો.મી. | ૨૪૦ |
| ૨ | અભ્યાસ ખંડ-૩૩ ચો.મી. | ૩૩ |
| ૩ | ડ્રોઈંગ હોલ ૧૫૦ ચો.મી. | ૧૫૦ |
| ૪ | પ્રયોગશાળા અને કોમ્પ્યુટર એકમ | ૪૦૦ |
| ૫ | ગ્રંથાલય | ૧૫૦ |
| ૬ | સભાગૃહ | ૫૪૦ |
| ૭ | નિયામકનો ખંડ | ૩૦ |
| ૮ | સ્વાગત કક્ષ | ૧૫ |
| ૯ | વિભાગના વડાનો ખંડ | ૬૦ |
| ૧૦ | મુખ્ય કચેરી | ૧૦૦ |
| ૧૧ | સ્ટોર | ૧૦૦ |
| ૧૨ | છોકરીઓનો સામાન્ય ખંડ | ૫૦ |
| ૧૩ | કર્મચારીઓનો સામાન્ય ખંડ | ૫૦ |
| ૧૪ | વિધાર્થીઓનો સામાન્ય ખંડ | ૫૦ |
| | પેટા સરવાળો (ક) | ૧૯૬૮ |
| (ખ) | છાત્રાલય મકાન | |
| ૧ | કુમાર છાત્રાલય (ડબલ રૂમ-૩૬) | ૫૪૦ |
| ૨ | કન્યા છાત્રાલય ( ડબલ રૂમ-૨૭) | ૪૦૦ |
| ૩ | ભોજન કક્ષ | ૧૫૦ |
| ૪ | રસોડુ કોમનરૂમ | ૨૦૦ |
| ૫ | વોર્ડનના નિવાસ/કચેરી (૨) | ૨૦૦ |
| ૬ | રસોડુ અને ભોનકક્ષ/કર્મચારીવર્ગ (૩) | ૧૮૦ |
| | પેટા સરવાળો (ખ) | ૧૬૭૦ |
| (ગ) | અતિથિગૃહ :- | ૧૦૦ |
| | સરવાળો વિસ્તાર (ક.ખ.ગ ) | ૩૭૩૮ |
| | બાંધકામ ખર્ચ | |
| | બાંધકામ ખર્ચ ચો.મી.દીઠ રૂા.૨૦૦૦ ના દરે (રૂા.૨૦૦૦ ૩૭૩૮ ચો.મી.) | રૂા. ૭૪.૭૬ લાખ |
| | વિકાસ ખર્ચ રૂા. ૧૬ ટકાના દરે | રૂા. ૧૧.૯૬ લાખ |
| | સરવાળો | રૂા.૮૬.૭૨ લાખ |

જોડાણ-૨ :

પુષ્કળ હાથશાળ ધરાવતા વિસ્તારમાં વણકર સેવા કેન્દ્રો ઉભા કરવા માંગતી રાજય સરકારોને કેન્દ્રીય નાણાકિય સહાય માટેની માર્ગદર્શક સુચનાઓ :-

૧. સબંધિત રાજય સરકાર વણકર સેવા કેન્દ્ર શરૂ કરવા તમામ આવર્તક ખર્ચ કરીને જરૂરી જમીન અને મકાન વિના મુલ્યે પુરા પાડવાની અને રાજય એકમ તરીકે તેને ચલાવવાની જવાબદારી લેશે. કેન્દ્રીય સહાય, l. ૨.૦૮ કરોડથી વધુ ન હોય તેટલા પ્રારંભિક મુડી રોકાણ પુરતી મર્યાદિત રહેશે. વધુ વિસ્તરણ માટે જરરી કોઈપણ ભંડોળની વ્યવસ્થા રાજય સરકારે કરવાની રહેશે.

૨. કર્મચારી વર્ગની જરૂરિયાત અને પગાર ધોરણની જોગવાઇ, ભરતી નિયમો, નોકરીની શરતો વગેરે સબંધિત રાજય સરકારના કર્મચારીઓને લાગુ પડે છે તે મુજબનાં રહેશે. આ અંગે કેન્દ્ર સરકારની કોઇ જવાબદારી રહેશે નહિ.

૩. કેન્દ્ર સરકાર, અમલકર્તા સંસ્થાને તકનિકી માર્ગદર્શન અને સલાહ આપવા તમામ પ્રયત નો કરશે. જો કે યોજના ઘડીને તેનો અમલ કરવાની જવાબદારી સબંધિત રાજય સરકારની રહેશે.

૪. રાજય સરકાર, કેન્દ્ર સરકાર તરફથી મળેલા અનુદાનનો હિસાબ રજુ કરવાની અને આવા કેન્દ્રની કામગીરીની શરૂઆતની તારીખથી ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધીના વાર્ષિક પ્રગતિ અહેવાલ રજુ કરવાની પણ બાંયધરી આપશે.

૫. રાજયક્ષેત્રમાં વણકર સેવા કેન્દ્ર શરૂ કરવા માટેના અનાવર્તક અને વાર્ષિક આવર્તક ખર્ચ સહિતનું કુલ ખર્ચ રૂ). ૧.૪(ખ) હેઠળ દર્શાવવામાં આવ્યું છે.

૬. રાજય ક્ષેત્રમાં દરેક વણકર સેવા કેન્દ્ર માટેના કર્મચારીવર્ગ માળખુ પત્રક-રમાં આપવામાં આવ્યું છે.

<u>જોડાણ-૨ માં ઉલ્લેખેલ પત્રક-૨ :- કર્મચારી વર્ગનું માળખું :-</u>

રાજયપત્રિત અધિકારીઓ :- જગ્યાની સંખ્યા

| | | |
|---|---|---|
| ૧ | નાયબ નિયામક ( વણાટકામ રંગકામ) | ૧ |
| ૨ | મદદનીશ નિયામક (વણાટકામ) | ૧ |
| ૩ | મદદનીશ નિયામક (રંગકામ પ્રોસેસિંગ) | ૧ |
| | બિન રાજયપત્રિત અધિકારીઓ | |
| ૧ | અધિક્ષક નાયબ અધિક્ષક/હિસાબનીશ | ૧ |
| ૨ | આર્ટ ડીઝાઇનર | ૩ |
| ૩ | તકનિકી અધિક્ષક | ૧ |
| ૪ | પેટર્ન મેઈકર સહ ડિઝાઈનર | ૧ |
| ૫ | વણકર કક્ષા-૧ | ૨ |
| ૬ | વણકર કક્ષા-૨ | ૪ |
| ૭ | વણાટ મદદનીશ | ૧ |
| ૮ | વોર્પર | ૧ |
| ૯ | વ્યાવસાયિક પરિચય | ૨ |
| ૧૦ | તકનિકી મદદનીશ/ રંગકામ | ૧ |
| ૧૧ | તકનિકી મદદનીશ/મુખ્ય ડાયર | ૧ |
| ૧૨ | ઉચ્ચ પ્રભાગીય કારકુન | ૧ |
| ૧૩ | નિમ્ન પ્રભાગીય કારકુન | ૧ |

| | | |
|---|---|---|
| ૧૪ | પટાવાળા | ૨ |
| ૧૫ | ચોકીદાર | ૨ |
| ૧૬ | સફાઈકામદાર | ૧ |
| | સરવાળો | ૨૯ |